# મજા અંદર પડેલી છે!

'ગાઇડ' અને 'મિ. સંપત' સહિત દસેક નવલકથાઓના લેખક શ્રી આર. કે. નારાયણે પોતાની સ્મરણકથા લખી છે. રીતસરના જીવનચરિત્રમાં તારીખિયાનાં પાનાં મેળવવાં પડે, સાલવારી ગોઠવવી પડે અને બનાવોના બાહ્ય ક્રમનો મેળ બેસાડવો પડે. સ્મરણકથાને આ બંધનો નડતાં નથી. શ્રી આર. કે. નારાયણે તેમની નવલકથાઓની જેમ જ સ્મરણકથાને બહુ લાંબી પાથરી નથી. તેની સરળતા અને નિખાલસતા તો ઊડીને આંખે વળગે જ છે, પણ સૌથી મોટી વાત તો પોતાના નાનકડા અરીસામાં પોતાનો નાનકડો ચહેરો સ્વચ્છ રીતે બતાવવાની તેમની સાચદિલી અને ખેલદિલીને ગણવી પડે.

શ્રી નારાયણની સ્મરણકથાનું નામ તેમણે 'માય ડેઝ' (મારા દિવસો) એવું આપ્યું છે. એક કિશોર છાનીછપની સિગારેટ પીએ, બહેન તે જોઈ જાય, માને કહી દે અને માતા ઠપકો આપે, પણ પિતાને એ વાત કદી કહે નહીં. પિતાના ક્રોધની સામે માતા ઢાલ બનીને ઊભી રહે એ પ્રસંગથી માંડીને પ્રથમ પત્નીનું અકાળ અવસાન, તેની સૂક્ષ્મ મરણોત્તર હાજરીની પ્રતીતિ સુધીના અનુભવોને તેમણે હૃદયસ્પર્શી રીતે આલેખ્યા છે. કોઈ ચોક્કસ વ્યક્તિના ચહેરામહેરા વિના જ યુવાનના હૈયાના કૂવામાં 'પ્રેમમાં પડું, પ્રેમમાં પડું'નો જે પોતાનો સિંહ-ચહેરો દેખાય છે, તેનું ચિત્ર પણ તેમણે આબાદ

ઊપસાવ્યું છે. મકાન ખાલી કરાવવા મરણિયા બનેલા મકાનમાલિકનું એક લખાણ છાપવાની તૈયારી પોતાને કેવા સંજોગોમાં બતાવવી પડી તે વાત પણ તેમણે કશું છુપાવ્યા વિના રજૂ કરી છે. મકાનમાલિકનું લખાણ છાપવા જેવું નહોતું પણ એટલા માટે છાપ્યું કે, તેના બદલામાં મકાનમાલિકે એક વર્ષ સુધી મકાન ખાલી નહીં કરાવવાનું વચન આપ્યું. એક નાનકડા સામયિકના તંત્રી તરીકેનું કર્તવ્ય તેમણે બરાબર બજાવ્યું નહીં અને એક અંગત લાચારીને ઉકેલવાનું સાધન બનાવ્યું તેનો પસ્તાવો પ્રગટ કરતાં તે ખચકાયા નથી.

શ્રી આર. કે. નારાયણની સ્મરણકથા વાંચીને સૌથી પહેલો પ્રતિભાવ એવો જ પડે છે કે બરાબર છે, આમ જ બન્યું હોવું જોઈએ. માણસનું જીવન આવું જ છે. ટૂંકા સમય માટે શિક્ષક, અમુક સમય માટે પત્રકાર, અમુક સમય માટે સામયિકના સંપાદક, એક વખત પોતે ભાડૂતમાંથી મકાનમાલિક બનવા નીકળ્યા ત્યારે તેનો અનુભવ અને ફિલ્મનગરીમાં ગયા ત્યારે તેમણે શું જોયું એ બધા અનુભવો તેમણે અહીં આલેખ્યા છે. પ્રસિદ્ધ કટાક્ષ ચિત્રકાર આર. કે. લક્ષ્મણ તેમના નાના ભાઈ છે, પણ થોડાક જ શબ્દોમાં તેમણે લક્ષ્મણની જે આછીપાતળી પિછાન આપી છે તે જોઈને થાય કે કિશોરકાળમાં કેટલીક વાર નાનો ભાઈ સાચોસાચ કેવો ‘લક્ષ્મણ’ બની રહે છે તેના અનુભવની સચ્ચાઈમાં સૂર પુરાવવા કોઈ પણ મોટો ભાઈ તૈયાર થશે!

માણસ પોતાનાં સ્મરણોની કથા લખવા બેસે ત્યારે કોઈક માણસ સ્મરણોની આ કથાને ભૂગર્ભ સમાધિરૂપે ચણી નાખે છે. કોઈક વળી તેને પોતાના નિર્દોષ નામ રૂપે રજૂ કરે છે. કોઈક વળી બીજાઓની સામેના એક બુલંદ તહોમતના રૂપે રજૂ કરે છે. કોઈ વળી એક ‘સફળ અખતરા’ રૂપે તેને રજૂ કરે છે. શ્રી આર. કે. નારાયણે પોતાની સ્મરણકથા એવી રીતે આલેખી છે કે જેમાં ભુલાઈ ગયેલી અને ઝાંખી ઝાંખી યાદ એવી સ્મૃતિઓના દીવડા એક પછી એક એવી રીતે પ્રગટે છે કે જિંદગીની આગળની કેડીને અજવાળું મળે છે! શ્રી આર. કે. નારાયણ પોતાની સ્મરણયાત્રાથી આ કે તે વ્યક્તિ નાખુશ ના થાય તેનું બરાબર ધ્યાન રાખવા રોકાયા નથી. કોઈ માણસ બધા માણસોને ખુશ કરી શકતો નથી. વિના કારણે અગર નજીવા કારણે કેટલાક નાખુશ પણ થાય. કેટલાકને કશી લેવાદેવા વગર ઈર્ષા થાય! કોઈકની નાખુશી, કોઈની ઈર્ષા, કોઈકનો રોષ, આ બધાં જોખમો છે અને તેનાથી ડરી ડરીને પગલાં ભરનારો માણસ ક્યાંક પહોંચી ના શકે અને ઘણુંખરું તો તેણે છુપાઈ જવા માટે ક્યાંક ગુફા જ શોધવી પડે.

આર. કે. નારાયણની સ્મરણકથા કહે છે કે મજા માણસની અંદર પડેલી છે અને માણસે જાતે તેને પ્રગટ કરવાની છે. મજા બહારથી આયાત થઈ શકે તેવી ચીજ નથી. તમારી અંદર જ તમારે તેને શોધવી પડશે અને એક વાર તમને તેના ઘરનું સરનામું મળશે પછી તમારે તેને શોધવા બહુ દૂર કે બહાર ભટકવું નહીં પડે. જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં તે તમારી સાથે અને તમારી અંદર જ હશે.

# અંગત તબીબ

ઇંગ્લૅન્ડના કવિ જૉન મિલ્ટને કહ્યું છે: ‘માણસનું મન સ્વર્ગને નરકમાં ફેરવી શકે છે અને નરકને સ્વર્ગમાં ફેરવી શકે છે.’ મિલ્ટનનાં આખરી વર્ષોમાં અંધાપાએ તેમને ઘેરી લીધા હતા, પણ તેમણે આ અંધકારને તાબે થવાનું સ્વીકાર્યું નહીં. તેમને ખબર પડી કે માણસની સ્થૂળ આંખોમાં દુનિયા પર આખરી પડદો પાડવાની કોઈ શક્તિ નથી.

ઇટાલીમાં ઈ. સ. 1564માં ગેલીલિયો ગેલીલીનો જન્મ થયો. ચંદ્રના પ્રથમ નકશા ગેલીલિયોએ બનાવ્યા હતા. એ જમાનામાં ધર્મગુરુઓની વડીલશાહી ચાલતી હતી અને વિજ્ઞાન હજુ સગીર બાળક હતું. ગેલીલિયોએ દૂરબીન બનાવ્યું અને આકાશમાં ખોવાઈ ગયો. પૃથ્વી બ્રહ્માંડમાં કેન્દ્રસ્થાને અને સ્થિર નથી, પણ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે અને પોતાની ધરી પર પણ ફરે છે, તે સત્ય તેણે ભારપૂર્વક આગળ કર્યું. સિત્તેર વર્ષના ગેલીલિયોને નજરકેદ રાખવામાં આવ્યો હતો. આંખે દેખાતું નહોતું, પણ તેણે મનની આંખો બંધ કરવાની ના પાડી. જીવવાનું મુશ્કેલ બની ગયું હતું, પણ આકાશના તારાઓની સોબત તેને ગમતી હતી. બંદીવાનની સ્થિતિમાં તેણે પોતાના ગ્રંથને આગળ ધપાવવાનું કામ ચાલુ રાખ્યું. ગેલીલિયો ભાંગેલો તૂટેલો મૃત્યુ પામ્યો ત્યારે ધર્મગુરુઓએ રાહતનો દમ ખેંચ્યો. પૃથ્વી

પરથી મોટું પાપ જાણે કે મરી ગયું! ગેલીલિયો જિંદગીના અંતકાળે જોઈ શક્યો હતો કે ધર્મગુરુઓની સત્તા અને કાવતરા સામે પોતે સત્યને ખાતર ટકી શક્યો તેનું કારણ તેનું મજબૂત મન હતું.

આફ્રિકાનાં જંગલોમાં રોગપીડિતોની સેવાનો યજ્ઞ કરનારા ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરે એક વાર કહ્યું હતુંઃ 'દરેક રોગીનો દાક્તર તેના મનમાં પડેલો છે, દરેક માણસના મનમાં તેનો પોતાનો અંગત તબીબ છે.' 'સેટરડે રિવ્યુ'ના સંપાદક નૉર્મન કઝિન્સનાં અંગો થીજી ગયાં ત્યારે તેમને પણ આ જ સત્યનો સાક્ષાત્કાર થયો. દાક્તરે કહ્યું કે, આ ભયંકર પ્રકારનો સંધિવા છે અને આવા પાંચસો કેસમાં એક કેસ સાજો થવાની શક્યતા અમે માનીએ છીએ, પણ મેં તો પાંચસોમાંથી આવો એક પણ કેસ સાજો થયેલો જોયો નથી. નૉર્મન કઝિન્સ કહે છે કે મારી ડોક સહેજ પણ ફરતી નહોતી, એક વાર તો જડબાને પણ તાળું લાગી ગયું હતું. હાથપગ બધું જ સજ્જડબમ! જાણે મારું શરીર જ જેલની કોટડી બની ગયું અને અંદર 'હું' બરાબર બાંધેલો કેદી! આ અસાધ્ય ગણાતા રોગમાંથી આત્મબળથી બહાર આવેલા આ માણસે લખ્યું છે કે આપણું શરીર રસાયણોનું મોટું કારખાનું છે – રસાયણોની ખામી, માત્રાફેર, વિષમતા વગેરેને લીધે તો વ્યાધિઓ જન્મે છે, પણ મેં જાણ્યું-અનુભવ્યું કે માણસનું શરીર જો રસાયણોની ફૅક્ટરી છે તો માણસનું મન તેનો રસાયણશાસ્ત્રી અને સંચાલક છે. મનના હુકમો છૂટે છે અને શરીરમાં ધૂળ જેવી દવાને સહારે ચમત્કારિક પરિવર્તનો જન્મે છે. ગમે તેવી બળવાન દવા મન નિર્બળ હોય તો નકામી પુરવાર થાય છે.

અમેરિકાના એક સર્જક ડૉક્ટર વિલિયમ એ નોલેને (એમ.ડી.) ફિલિપાઇન્સ જઈને જાતે કેટલાક હકીમોની તપાસ કરી છે. આ લોકો ઈશ્વરના નામે ડૉક્ટરી અને સર્જરી કરે છે. ડૉ. નોલેન કહે છે કે મારા જેવો 'ડૉક્ટર ઑફ મેડિસિન' આવા કોઈ ચમત્કારોમાં માની જ ના શકે તે દેખીતું છે અને હું જ્યારે આ બધું જાતે જોવા ગયો ત્યારે એવી માન્યતા સાથે જ ગયેલો કે બધું તૂત જ હશે! ડૉ. વિલિયમ એ નોલેને કહ્યું છે કે કેટલાક શ્રદ્ધાચિકિત્સકો રીતસર વાઢકાપનાં સાધનો વિના અને ખરેખર લોહીનું ટીપું પાડ્યા વિના અને ચામડી ચીર્યા વગર 'અહિંસક સર્જરી' કરે છે. સર્જનો ખરેખર ધન માટેની ધૂનમાં કેટલીક વાર તૂત ચલાવે છે તેમ આ શ્રદ્ધાચિકિત્સકોમાં પણ ઘણા આવા 'લેભાગુઓ' ચોક્કસ હોય છે, પણ આવી શ્રદ્ધાસારવાર પદ્ધતિમાં અને આવી માનસિક શસ્ત્રક્રિયામાં કંઈક તથ્ય છે. આમાં કુદરતના કોઈ નિયમોનું ઉલ્લંઘન નથી – તે કોઈ જાદુ

કે ચમત્કાર નથી, પણ માણસના મનની સંદેશો આપવાની, હુકમ કરવાની શક્તિનો અને એવી જ રીતે બીજા માણસના મનની સંદેશો ઝીલવાની શક્તિનો તેનાથી આપણને ખ્યાલ આવે છે. માણસના મનમાં આવી શક્તિ છે. તેણે શક્તિઓને ઉપયોગમાં લીધી નથી. આપણને હજુ તેની આ શક્તિઓની પૂરી ભાળ પણ મળી નથી. ડૉ. વિલિયમ એ નોલેન કહે છે કે મનિલામાં એક શ્રદ્ધાચિકિત્સકે એક દર્દીના પેટનાં ચાંદાં મટાડી આપ્યાં. તેણે રીતસર દર્દીને 'પ્રતીતિ' કરાવી આપી કે મેં ચાંદાંને સખત ઠપકો આપ્યો છે અને ચાંદાં નાસી ગયાં છે. ખરેખર દર્દીના ઉદરનાં ચાંદાં નાસી ગયાં હતાં. આને હું ચમત્કાર કે છૂમંતર નહીં કહું પણ માણસના શરીર અને મનની 'જીવંતતા અને દૈવત' તરીકે ઓળખાવીશ. વાત વિચાર કરવા જેવી છે. અંધશ્રદ્ધામાં જવાની વાત નથી. માણસના તનમનની ગૂઢ શક્તિઓ ઓળખવાની અને સમજવાની આ વાત છે.

# આસ્થા અને અનાસ્થા!

ફ્રાન્સના એક સાહિત્યકાર આંદ્ર જીદ માટે એવું કહેવાય છે કે એમના મૃત્યુ પછી એમના કેટલાક મિત્રોને એવા ભણકારા વાગતા હતા કે તરતમાં જ આંદ્ર જીદનો તાર-સંદેશો આવવો જ જોઈએ કે હું અહીં (પરલોકમાં) પહોંચી ગયો છું અને અહીં નરક જેવું કંઈ નથી! અલબત્ત, કોઈ માણસ જિંદગીના સામા કાંઠા પરથી આવો સંદેશો આપી શકતો નથી, પણ જીદ વિશે મિત્રોને આવું લાગ્યું તેનું કારણ એટલું જ હતું કે જીદ દરેક બાબતમાં વધુ ને વધુ ઊંડા ઊતરવાની કોશિશ કર્યા કરતા. માણસની જિંદગી અને તેની આસપાસના જગતનો વિચાર કરીએ તો એટલાં બધાં નાનાં-મોટાં રહસ્યો સતત ઝબૂક્યાં કરતાં હોય છે કે તમે જો તેમાંથી કોઈ પણ એક રહસ્યની પાછળ દોડો તો તેનો ભેદ તો મળે કે ના મળે, પણ તમે પોતે જ ક્યાંક ગાયબ થઈ જાઓ. વૈજ્ઞાનિકો, સંશોધકો, તત્ત્વચિંતકો, સાધકો એક અગર બીજા રહસ્યને પકડવા મથે એ સમજી શકાય, પણ દરેક માણસ કરી શકે એવું આ કામ નથી.

ઈશ્વર કોઈ ગુનેગાર હોય અને પોતાની માલમતા લઈને ક્યાંક નાસી ગયો હોય એ રીતે કેટલાક માણસો તેની પાછળ પડે છે. ઈશ્વર છે જ એવી પાકી શ્રદ્ધા પણ નથી અને ઈશ્વર નથી જ એવી ચોખ્ખી શંકા પણ નથી. એમને એમ છે કે જો આ રીતે ઈશ્વર

મળી જાય તો કહેવા થશે કે સાહેબ, હું તમને શોધતો હતો અને તમારી પાસે જ આવતો હતો, અને નહીં જ મળે તો બીક રાખવાનું કારણ જ નથી. દુઃખી અને ગરીબ માણસ માને છે કે ઈશ્વર છે અથવા દુઃખ અને ગરીબીથી ત્રાસી ગયેલો માણસ માની લે છે કે ઈશ્વર છે જ નહીં! તે જો આસ્તિક હશે તો ઈશ્વરને પોતાની પીડા-આપત્તિમાં યાદ કરશે. રાહતની પળોમાં તેનો આભાર માનશે. નાસ્તિક હશે તો તેના મિજાજનો પારો બહુ ઊંચો જશે. આ કઈ જાતની દુનિયા! આવડો મોટો માંડવો અને કોઈ વરરાજા જ નહીં! ગજબનું અંધેર કહેવાય!

પણ જેમના પર જિંદગી મહેરબાન બની છે એવા ઘણા લોકો ફુરસદની 'હૉબી'ની જેમ ઈશ્વરની વાત કરે છે. નવી નવી શ્રીમંતાઈની સાથે સુસંગત રહીને પોતાના દરજ્જા મુજબના કોઈ 'ગુરુ' અને 'ભગવાન' શોધી કાઢે છે. પછી એ કહે છે કે મારે ફક્ત એક જ વાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે! એક જ વાર મને એક નાનકડી નિશાની મળી જાય એટલે પત્યું! બસ, પછી હું એનો દાસ! આવા લોકોને મનમાં એવો કંઈક ખ્યાલ હોય છે કે જિંદગીમાં બધું મળી ગયું – ધન મળ્યું, થોડું નામ મળ્યું, મકાન-વાહન-વાડી-સંતાન, હવે સફળ જીવનની રંગોળીમાં બાકી શું રહ્યું? આ એક ઈશ્વર સાથે સંપર્ક થઈ જાય એટલે પત્યું! પરલોકમાં બુકિંગ કરી દઈએ!

ઈશ્વર કોઈ શોખનો વિષય નથી તેમ અભ્યાસનો વિષય પણ ના હોઈ શકે. તમે તમારી જાતને જેટલી અલગ કરો છો એટલા તમે એનાથી અલગ થઈ જાઓ છો. એક મહાત્માની પાસે એક શ્રીમંત માણસે આવી કહ્યુંઃ 'મને ઈશ્વર તો ના મળે, પણ ચરણરજ જેવું પણ કંઈક મળે તો બસ!' મહાત્માએ કહ્યુંઃ 'જેને બે જ ચરણ હોય તેની ચરણરજ શોધવી પડે, પણ જેને અસંખ્ય ચરણ હોય તેની ચરણરજ ખાસ શોધવા નીકળવું પડે. એક પણ એવી જગ્યા નથી કે જ્યાં તેના ચરણનો સ્પર્શ થતો ના હોય!'

શ્રીમંત વેપારીએ દલીલ કરીઃ 'આપ તો જ્ઞાની છો અને ચતુર વાણીથી વેરાનને દરિયાનો દેખાવ આપો, પણ અમારા જેવાને કેમ કરીને ખાતરી પડે!'

મહાત્માએ કહ્યુંઃ 'સ્મશાનમાં જઈને થોડા દિવસ થોડી રાખ ભેગી કરો, તમારી હાજરીમાં જ તેની ગરમાગરમ રાખની પડીકી વાળજો. આ દરેક પડીકી ઉપર એ જેની ભસ્મ હોય તેનું નામ લખી લાવજો. વધુ કંઈ નહીં તોય રાખના કણની પાછળ કોઈક જીવતા માણસની 'હકીકત' તમને દેખાશે. રાખના કણમાં તમને કોઈ સુંદરતા નહીં દેખાય, એક કદરૂપા દેખાતા બીજમાં કોઈક સુંદર વૃક્ષ

કે ફૂલ કે ફળનો નકશો નરી આંખે ના દેખાય, પણ આટલી કલ્પના કરવાનું મુશ્કેલ નથી અને આવી કલ્પના માત્ર તરંગ નથી. આજે જેઓ અવકાશમાં પહોંચ્યા છે તેમને ખબર છે કે ત્યાં જવા માટે સીધી નિસરણી ના મંડાય. તમારી તર્કશક્તિ, તમારી પારેવા-દૃષ્ટિ માત્ર નાનકડી નિસરણીઓ છે. તમારે ઈશ્વર સુધી પહોંચવું છે તો પહેલાં 'વાહન' તૈયાર કરો. માત્ર સ્થૂળ અર્થમાં અવકાશયાનની વાત નથી. અવકાશયાત્રી બનવાની વાત છે. શ્રદ્ધાળુ વ્યક્તિ આવો જ એક ઈશ્વર-યાત્રી છે.

પણ છેવટે કબૂલ કરવું જ પડે કે આ સમજાવી શકાય તેવી બાબત નથી. માણસ પોતે સમજી શકે – પોતાની મેળે સમજી શકે. કોઈક સમજાવવા ગમે તેટલી કોશિશ કરે, એ માણસના તાળાની કળ દાદ આપે તો જ 'ચાવી' ફાવી શકે.

# લેખિકા ઍનિસ નિનની ડાયરી

ઘણાબધા લેખકોએ પોતાની જિંદગીના કોઈ ને કોઈ તબક્કાની રોજનીશી લખી છે. આવી નોંધપોથીઓમાં રશિયાના મહાન નવલકથાકાર ફિયોદર દોસ્તોયેવસ્કી અને ફ્રાંસના નવલકથાકાર આંદ્ર જીદની રોજનીશીઓ જાણીતી છે. બ્રિટનના લોકપ્રિય નવલકથાકાર સમરસેટ મોમે બહાર પાડેલી 'રાઇટર્સ નોટબુક' પણ આ વર્ગમાં જ આવે. ધર્મપુરુષોએ, રાજકારણીઓએ, વિદ્વાનોએ આવી ડાયરીઓ રાખી છે, પણ આ બધી ડાયરીઓ – નોંધપોથીઓ – જર્નલોમાં જેનું સ્થાન ગણવું પડે તેવી ડાયરી નિઃશંકા એક લેખિકાની છે. ડાયરીની લેખિકા તરીકે જ નહીં, નવલકથાની લેખિકા તરીકે પણ આ સ્ત્રી બધાથી જુદી પડી જાય છે. પોતાને સ્ત્રી બનાવીને ઈશ્વરે એને ખાસ હોદ્દો આપ્યો હોય તેવી એની ખુમારી છે. ફ્રાંસમાં જન્મેલી આ લેખિકા ઍનિસ નિન ઘણાં વર્ષો અમેરિકામાં રહી હતી, પણ એ કોઈ એક પ્રદેશ કે દેશની લાગતી જ નથી. ઍનિસ નિન એક સ્વતંત્ર અને બિન્દાસ નારી છે, રગેરગમાં નૂતન નારી છે અને છતાં તેનું નારીત્વ ક્યાંય જરાય ઝંખવાતું નથી. ઍનિસ નિનની થોકબંધ નોંધપોથીઓમાંથી ચૂંટેલી સામગ્રીના પાંચ ગ્રંથ બહાર પડ્યા છે. છેક 1966માં તેના જર્નલનો પ્રથમ અંક બહાર પડી શક્યો હતો. ઈ. સ. 1903ની સાલમાં સંગીતકાર પિતાને ત્યાં જન્મેલી આ

કન્યાએ બાળપણથી જ ડાયરી રાખવા માંડેલી. જે પાંચ ગ્રંથો બહાર પડ્યા તેમાં ઈ. સ. 1941થી 1950 સુધીનાં વર્ષોની વાત છે. ઍનિસ નિને અગિયાર વર્ષની કન્યા તરીકે લગભગ સળંગ લખવા માંડેલી ડાયરી ઈ. સ. 1970ના દાયકામાં કેટલો મોટો પહાડ બની ગઈ હોય તે કલ્પી શકાય છે. એટલે એનીસની સંપૂર્ણ ડાયરીના પ્રકાશનનું ભગીરથ કાર્ય કોઈ હાથ ધરવાની હિંમત ભાગ્યે જ કરે. પણ એ મુદ્દો તેની પ્રકાશિત પોથીઓના મૂલ્યાંકનમાં નડતરરૂપ પણ નથી.

પાંચ ફૂટ અને એક ઇંચની ઊંચાઈની આ નારી તેની નોંધપોથીઓમાં જ જબરજસ્ત ઊંચાઈ સર કરે છે. આવી ડાયરી લખવાનું એને માટે સહેલું પણ નહીં હોય. એમાં સચ્ચાઈ અને નિખાલસતા બેસુમાર છે, પણ જિંદગીના આંતરબાહ્ય તખ્તાનાં નિરીક્ષણો તાજુબ કરે તેવાં છે. ઍનિસ નિન ડાયરીમાં કંઈક વાતો લખવા બેઠી નથી કે કવિતા કરવા બેઠી નથી, પણ એ કોઈ પ્રાણવાન નવલકથાની નાયિકાની જેમ જીવી છે અને કવિતા તેનું હૈયું સતત ગણગણ્યા કરે છે. ઘણાબધા લાચારીના સંજોગો વચ્ચે, અનેક પુરુષોની તરસી નજરોની વચ્ચે એક સ્ત્રી પોતાની અંતરંગ જિંદગીના તુલસીક્યારાનું રક્ષણ, પોષણ કેટલી સાહજિકતાથી કરી શકે તેનું એક દુર્લભ દૃષ્ટાંત અહીં મળે છે. ઍનિસ નિને લખી છે તો ડાયરી, પણ એના સંગીતકાર પિતા અને પતિવ્રતા માતા, ભાઈ-બહેન અને યુરોપ-અમેરિકાની કેટલીક નામાંકિત વ્યક્તિઓની જીવંત છબીઓ તેમાં ઊપસી આવે છે. 'ટૉપિક ઓફ કૅન્સર'નો લેખક હેન્રી મિલર, ડૉ. ઓટો રેન્ક જેવા મનોવિજ્ઞાની, એડમંડ વિલ્સન જેવા ખ્યાતનામ વિવેચક અહીં તમારી આંખ સામે હાજર થઈ જાય છે.

ઍનિસ નિન ડાયરીઓનું પ્રકાશન સતત ઝંખતી રહી હતી પણ તે હાથ ધરાયું છેક ઈ. સ. 1966માં. ત્યારે તેની ઉંમર 63 વર્ષની હતી. આ ડાયરીના ચાર ગ્રંથો 1971 સુધીમાં પ્રગટ થયા અને એ પ્રગટ થતાંની સાથે જ ઍનિસ નિનની ખ્યાતિ ફ્રાંસ કે અમેરિકાનાં વર્તુળો પૂરતી જ સીમિત મટી જઈને ખરેખર આંતરરાષ્ટ્રીય ફલકમાં પ્રસરી ગઈ. ડાયરીને કારણે તેની નવીન પ્રયોગશીલ નવલકથાઓની પણ મોટી માગ ઊભી થઈ. તેને નવલકથાકાર ડી.એચ. લોરેન્સ વિશે કે દોસ્તોયેવસ્કી વિશે લખેલાં વિવેચનોમાં પણ રસ જાગ્યો. ઍનિસ નિનની વાર્તાઓ વિશે ભિન્નભિન્ન મતો સંભવી શકે છે, પણ તેની ડાયરી – તેનાં જર્નલો વિશે ભાગ્યે જ બીજો કોઈ મત પ્રવર્તતો હશે. ઍનિસ નિને આ પ્રવૃત્તિને 'આત્માની પ્રયોગશાળા' તરીકે ઓળખાવી છે અને ડાયરીના કોઈ પણ ભાગમાંથી થોડાંક પણ પૃષ્ઠો વાંચનારને તરત જ એવી પ્રતીતિ થાય

છે કે એક સંવેદનશીલ નારીનાં મનહૃદયના ઝીણામાં ઝીણા કંપની નોંધ આ ડાયરીમાં છે. ઍનિસ નિનની માતૃભાષા અંગ્રેજી નથી, પણ અંગ્રેજી ભાષાને – શબ્દોને એ બરાબર લડાવી જાણે છે, ગમે તેવા ઊંડાણને એ તાગી શકે છે અને ઊંચાઈને એ પામી શકે છે. ઍનિસ નિને નોંધ્યું છેઃ 'માણસ ચંદ્ર પર પહોંચી ગયો છે. ચંદ્ર બહુ દૂર છે, પણ માનવીના અસીમ મનની અવકાશયાત્રા વધુ દૂરની સફળ નથી શું?' ઍનિસ નિન અહીં અંતરની એક અનંત યાત્રામાં એકલપંથી યાત્રિકા તરીકેની જે ખુમારી અને મસ્તી પ્રગટ કરે છે તેને કોઈ પણ મર્મી વાચક સલામ કર્યા વિના રહી શકે એમ નથી. ઈ. સ. 1977માં મૃત્યુ પામેલી ઍનિસ નિનનાં તમામ લખાણોની સાહિત્યિક કલાત્મક ગુંજાશનું મૂલ્યાંકન જ્યારે થાય ત્યારે અને એ મૂલ્યાંકન જે હો તે – તેની ડાયરીમાં તે કંઈક એવું મૂકી ગઈ છે કે તેની હાજરી સાહિત્યના નહીં તો બીજા ગમે તે દરબારમાં પણ નોંધવી જ પડશે.

# નિષ્ફળતા વધુ મોટી સફળતાનું આહ્‌વાન છે!

અમેરિકાના મહાન પ્રમુખ અને ગુલામોના મુક્તિદાતા અબ્રાહમ લિંકન બાવન વર્ષની ઉંમરના થયા ત્યાં સુધીનું તેમનું જીવન એક પછી એક નિષ્ફળતાઓથી ભરેલું હતું. તેમના રાજકીય પક્ષે તેમને ચૂંટણીમાં – રાષ્ટ્રપતિની ચૂંટણીમાં – ટિકિટ એટલા માટે આપી હતી કે પક્ષના આ હોશિયાર સંચાલકોનો ખ્યાલ એવો હતો કે આપણો પક્ષ જીતવાનો નથી. એટલે આપણા કોઈ લાયક માણસને ઊભો રાખીને શું કરવાનું? આપણા કોઈ લાયક માણસને પરાજયનું કલંક મળે તેવું શું કામ કરવું? છતાં કોઈ નબળો તો નબળો ઉમેદવાર ખડો તો કરવો પડશે! ચાલો અબ્રાહમ લિંકનને ઊભા રાખીએ. જીતવાની શક્યતા નથી. હારીશું તો પણ વાંધો નથી. આવા નબળા ઉમેદવારથી હારીએ તો આબરૂ ઓછી ગઈ ગણાશે. લિંકનને તો ખાસ કંઈ ગુમાવવાપણું છે જ નહીં!

અબ્રાહમ લિંકન ચૂંટણીમાં ઊભા રહ્યા પછી પણ તેમનાં પત્ની પતિને એવું મહેણું મારતાં રહ્યાં હતાં કે તમને પરણીને હું ક્યાંયની ના રહી! તમારી સામે ઊભેલા ડગ્લાસને પરણી હોત તો ચોક્કસ વ્હાઇટ હાઉસમાં પહોંચી જવામાં શંકા ના રહેત! લિંકનના શ્વશુર પક્ષના અન્ય સભ્યો પણ તેને ઠોઠ જમાઈરાજ ગણતા હતા. પાર્વતીના પિતાનો અભિપ્રાય ભગવાન શંકર માટે ખાસ

ઊંચો નહોતો, પણ માણસ શક્તિ બતાવે, સફળતા હાંસલ કરે એટલે ચિત્ર એકદમ બદલાઈ જાય છે. એનો એ જ માણસ ઊપડ્યો-ઊપડતો નથી. સ્વામી વિવેકાનંદનું નિરીક્ષણ સાચું છે કે સંસાર શક્તિને પૂજે છે. સામર્થ્યને પૂજે છે. નિર્બળની કોઈ ઉપાસના કરતું નથી.

પણ સફળતા શું માણસના હાથની વાત છે? માણસમાં ભરપૂર શક્તિ હોય, લોહી-પસીનો એક કરી પુરુષાર્થ કરવાની વૃત્તિ હોય અને તે બધું કરે છતાં તેને સફળતા કે વિજય ના મળે એવું બનતું નથી? આવું જરૂર બને છે, પણ માણસનો નિર્ધાર પાકો હોય અને પરમ શક્તિની કૃપા થાય તો તે ક્યાંક ને ક્યાંક વહેલો કે મોડો સફળતાને વરે છે. ઉપરાઉપરી પરાજયો મળવા છતાં તેણે જંગ જારી રાખવો જોઈએ. એ જો મેદાન છોડી દે તો પછી એ પોતે જ સૌથી મોટો પરાજય છે. રશિયાના મહાન વાર્તાકાર દોસ્તોયેવસ્કીના મિત્રો એની મશ્કરી કરતા. દોસ્તોયેવસ્કી સામુદ્રિક વિજ્ઞાનમાં શ્રદ્ધા રાખતા હતા. કોઈક ફ્રૂનોલૉજિસ્ટે તેમને કહેલું કે તમારી ખોપરી સૉક્રેટિસને મળતી આવે છે! મિત્રો મજાક કરતા કે દોસ્તોયેવસ્કીન આ આગાહીને લીધે મનમાં રાઈ ભરાઈ ગઈ છે, એને વહેમ છે કે એ મોટો માણસ થવાનો છે. દોસ્તોયેવસ્કીની જિંદગી તેની અડતાલીસ વર્ષની ઉંમર સુધી દારિદ્રય, દેવું, બંધન અને તરેહતરેહની કમનસીબીઓથી ભરેલી હતી પણ તેણે જે કંઈ સહન કર્યું તેમાંથી તેને એટલું બધું મળ્યું કે તે માલામાલ થઈ ગયો. માત્ર વાર્તાકાર તો ઠીક, એક ફિરસ્તો બની ગયો.

સૌ કોઈ જાણે છે કે મહાત્મા ગાંધીને અવલમંજલ પહોંચાડી દેવાની બધી તૈયારી કરીને અંગ્રેજો બેસી ગયા હતા. મહાત્મા માટે સુખડનાં લાકડાં પણ તેમણે ખરીદી લીધાં હતાં, પણ ગાંધીજીએ એ રીતે ખતમ થઈ જવાની ના પાડી. સ્વરાજનો અરુણોદય નિહાળ્યા પહેલાં આંખો મીંચી જવાની એમની તૈયારી નહોતી.

જીવનમાં એવું બને છે કે ઘણી વાર આપણને આસુરી બળોની જીત થતી લાગે છે. પાશવી બળોને પ્રબળ બનતાં જોઈને આપણી શ્રદ્ધા ડગવા માંડે છે. ત્યારે આપણને લાગે છે કે કુદરતને ઘેર કોઈ ન્યાય નથી અને જેની પાસે પાશવી બળ છે તે જ જીતે છે, પણ ઘણી વાર પાશવી બળોની આ જીત તેનાં છેલ્લાં પુણ્યોની આખરી ચેતવણી જ હોય છે. મહાભારતની વાત જાણીતી છે. યુધિષ્ઠિર સ્વર્ગમાં પહોંચ્યા ત્યારે યુધિષ્ઠિરે સ્વર્ગમાં દુર્યોધનને જોયો. દ્રૌપદી અને ભીમ – અર્જુન જેવા સ્વજનો નરકમાં હતા, યુધિષ્ઠિર તો ખળભળી ઊઠ્યા. ઇંદ્ર ભગવાનને તેમણે ઘણુંબધું સંભળાવ્યું. આ કઈ જાતનો ન્યાય? જેણે અત્યાચારો કર્યા,

અધર્મ આચર્યો અને નરી હીનતા બતાવી તે દુર્યોધન પણ સ્વર્ગમાં? આ કઈ જાતનું સ્વર્ગ? જે સ્વર્ગમાં દુર્યોધનને સ્થાન મળે એ મારે માટે સ્વર્ગ હોઈ ના શકે! મારે આવું સ્વર્ગ જોઈતું નથી. યુધિષ્ઠિરને પછી સાચી સમજ પડી અને મનનું સમાધાન થયું. દુર્યોધન તેના થોડાક જ પુણ્ય માટે ઘડી વાર સ્વર્ગનો મહેમાન બન્યો હતો અને પાંડવો તેમના પુણ્યમય જીવનમાં પણ થોડાંક પાપ માટે નરકના મહેમાન બન્યા હતા. પાંડવો માટે સ્વર્ગ છેવટનું ધામ હતું – કૌરવ માટે છેવટનું ધામ નરક હતું.

ખરેખર માનવીની જિંદગીમાં નિષ્ફળતા એટલે શું? અમુક અપેક્ષિત ફળ ના મળ્યું તે. એવું ના બને કે આપણી અપેક્ષાનું ફળ નાનકડું અને નજીવું હોય જ્યારે આપણને ઈશ્વરકૃપાથી – ભાગ્યથી જે ફળ મોડેથી મળવાનું હોય તે વધુ સારું અને વધુ હિતકારક હોય? નિષ્ફળતાને વધુ મોટી સફળતાનું આહ્‌વાન ગણી લેવું જોઈએ.

# કેટલાક શ્રદ્ધા ફેલાવે છે, કેટલાક અશ્રદ્ધા!

શહેરની એક ઇસ્પિતાલમાં એક જુવાન બેભાન અવસ્થામાં છે. એક મોટર અકસ્માતમાં જુવાનના માથામાં ગંભીર ઈજાઓ થઈ છે. ઑપરેશન કરવાનું છે, પણ પરિણામ વિશે ખુદ તબીબ દ્વિધામાં છે. જુવાનના કુટુંબીઓનાં મૂંગાં ડૂસકાંનો ભાર છે. જુવાનની માતા દાક્તરને બીતાં બીતાં પૂછે છે, 'શું લાગે છે?' એ સવાલમાં ચોખ્ખી પૃચ્છા હતી કે 'છોકરો બચશે કે નહીં બચે?' એકનો એક દીકરો છે અને તેજસ્વી છે.

તબીબ કહે છે કે જો તેમણે 'સાચો જ રિપોર્ટ' આપવાનો હોત તો એ કહી શક્યા હોત કે બચવાની ઝાઝી આશા નથી. છોકરાની તબીબી પરીક્ષાના રિપોર્ટમાંથી આવું તથ્ય નીકળી શકતું હતું, છતાં આંકડાઓ અને હકીકતો ગમે તેટલાં નક્કર હોય, પણ તેના આધારે કોઈ અફર આગાહી થઈ શકતી નથી. જીવન આંકડાઓ અને હકીકતોના આધારે વળાંક લેતું નથી. સખત વાવાઝોડામાં એક છોડ બચી જાય છે તેવું બને છે, પણ કેમ બચી ગયો તેના જવાબમાં જીવનને રક્ષણ આપનારી કોઈ ગૂઢ શક્તિનો સંકેત જ વાંચવો પડે છે. તેનો વાસ્તવિક ખુલાસો શક્ય હોતો નથી. વાવાઝોડાની ગતિ, તેની વ્યાપકતા, છોડનું કુમળાપણું, પવન સામે ટકવાની તેની ત્રેવડ એ બધાના આધારે કોઈ પણ કહી શકે કે છોડ ઊખડીને ફેંકાઈ જશે, પણ વાવાઝોડું

પસાર થઈ ગયા પછી છોડ હસતો ને હસતો, કંઈક વીંખાઈ ગયેલો, પણ મૂળમાંથી નહીં ડગેલો, અણનમ ઊભેલો આપણે જોઈએ એવું નથી બનતું?

તબીબે પેલી માતાને કહ્યું, 'ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. છોકરાને કંઈ થવાનું નથી.' દાક્તરના હાથમાં ઘણું હતું અને છતાં છેવટની વાત તો તેના હાથમાં નહોતી, કોઈના હાથમાં નથી હોતી. ઑપરેશન થઈ ગયું. બધાં ઑપરેશન 'સફળ' જ હોય છે તબીબી પરિભાષામાં, પણ જીવનની પરિભાષામાં કેટલાંક કોડિયાંની વાટ સંકોચાય છે. ઘણાંબધાં કોડિયાં બૂઝાઈ જાય છે. આ જુવાન બચી ગયો. થોડાક દિવસ પછી માબાપ સાથે વાતો કરવા લાગ્યો. જ્યાં હૉસ્પિટલમાં ઉદાસીનાં પૂર ઊભરાતાં હતાં ત્યાં જીવનનું ખિલખિલાટ હાસ્ય છલકી ઊઠ્યું.

છોકરાની માએ પ્રાર્થના કરી હશે તે નક્કી, પણ તેની પ્રાર્થનાને બળ આપ્યું દાક્તરના આશ્વાસનના, શ્રદ્ધાના શબ્દોએ. શ્રદ્ધા હકીકતોની ઓશિયાળી હોતી નથી. છેવટનું પરિણામ આપણા હાથમાં હોતું નથી. કોઈની જિંદગીનો સવાલ હોય કે બીજી ગમે તે બાબત હોય, તે કેવી જાતનો વળાંક લેશે તેની કોઈને ખબર હોતી નથી. આપણે બધા અનુભવે જાણીએ છીએ કે જીવલેણ રોગથી માંડીને કોઈ પણ હારજીત સુધીનાં પરિણામોની આપણી આગાહીઓમાં ભારે ગડબડ થતી હોય છે. અમુક બાબતમાં નિશ્ચિતપણે આમ જ બનશે તેમ કોઈ કહી શકતું નથી. જ્યારે બધી જ બાબતોનાં પરિણામો આપણા હાથમાં નથી ત્યારે તેના વિશે અગાઉથી મોતના ફેંસલા આપણે શા માટે આપવા? માણસે તો મંગળની, શુભની કામના કરવી. અમંગળ કે અશુભ આવી જ પડે તો મીરાંબાઈ જે શ્રદ્ધાથી રાણાએ મોકલેલા ઝેરનો પ્યાલો ગટગટાવી ગયાં હતાં તેમ ગટગટાવી જવું.

કેટલાક લોકો શ્રદ્ધા ફેલાવે છે, તો ઘણા લોકો જ્યાં ને ત્યાં અંધશ્રદ્ધા ફેલાવે છે. આમાં કોઈને કંઈ સ્વાર્થ કે હેતુ હોય છે તેવું પણ નથી. આ જીવનનો એક અભિગમ હોય છે. કેટલાક નિરાશાજનક હકીકતોના ઓથાર વચ્ચે પણ પોતાની શ્રદ્ધાને નાનકડી કીડીની જેમ જીવતી અને ચાલતી રાખે છે. કેટલાક આશાસ્પદ સંજોગો વચ્ચે પણ પોતાની આશંકા અને અશ્રદ્ધાનો શંખ ફૂંકે છે. શ્રદ્ધાને વાચા આપનારા નિરાશ હૈયામાં હિંમત ભરે છે અને તેમની એ શ્રદ્ધા ગૂઢ રીતે જાણે કે પરિણામોની અશુભ અસર ધોઈ નાખતી હોય તેવો ભાસ થાય છે. બીજી બાજુ કેટલાક અમંગળ વેણ ઉચ્ચારે છે અને અત્યંત આશાસ્પદ સંજોગોમાં ઝેરનું એક ટીપું રેડે છે. જાણે તેમની એ આશંકા જ દૂધના અમૃતકટોરાને વિષમય કરી મૂકે છે.

એક માણસ તરીકે આપણું કામ શ્રદ્ધા ફેલાવવાનું છે. આપણે અશ્રદ્ધાનાં જંતુઓના વાહન બનવાની જરૂર નથી. જિંદગીના જુદા જુદા મોડ ઉપર ઊભેલાં બાળકો, સ્ત્રીઓ, પુરુષો કોઈકના શ્રદ્ધા અને આશ્વાસનના એક જ બોલના ધક્કે ખીણ ઓળંગી જાય છે અને આપણી એક જ અમંગળ આગાહી તેમને ડગુમગુ પુલ ઉપરથી નીચે ફેંકી દેવા પૂરતી થઈ પડે છે. કેટલાક લોકો હૈયામાં શ્રદ્ધાને ઘૂંટ્યા કરતા હોય છે અને તેમનો સંપર્ક એક સુવાસનું વાતાવરણ સર્જે છે.